# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 05-10-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કચ્છમાં 123 કરોડ રૂપિયાનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું
- ✓ ગુજરાત વડી અદાલતે રાજ્ય સરકાર અને પોલિસને હેલમેટનાં કાયદા અંગે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવા જણાવ્યું
- ✓ નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રો રેલ રાત્રે બે વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય
- ✓ નવરાત્રિ  દરમિયાન મહિલાઓની સલામતી માટે શહેર પોલીસની અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમ 24 કલાક કાર્યરત
- ✓ સુરેન્દ્રનગરના વઢવાણનાં શિક્ષિકાની મલેશિયા ખાતે યોજાનાર એથ્લેટીક સ્પર્ધા માટે પસંદગી

## CM Kutch

કચ્છના માંડવી તાલુકાના મસ્કા ખાતે ગઇ કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૩૪.૫૬ કરોડ રૂપિયાના કુલ ૭ કામોનું ઈ-ખાતમુહૂર્ત તેમજ ૮૯.૨૧ કરોડ રૂપિયાનાં નવ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૨૩ કરોડ રૂપિયાથી વધુના કુલ ૧૬ વિકાસકામો પાણી પુરવઠા, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ, શિક્ષણ, મહેસુલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રનાં છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કચ્છમાં પ્રવાસનનો વિકાસ થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. તેમણે જણાવ્યું કે, કચ્છમાં એશિયાના સૌથી મોટા હાઇબ્રિડ ગ્રીન એનર્જી પાર્કનું નિર્માણ થવા જઈ રહ્યું છે.

દરમિયાન મુખ્યમંત્રીએ ચાડવા-રખાલ વિસ્તારમાં 10 કરોડ રૂપિયાનાં ખર્ચે હેણોતરો પ્રજનન અને સંરક્ષણ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી હતી.  આ પ્રસંગે કચ્છના રાજવીઓએ વન સંપદાઓથી ભરપૂર સંરક્ષિત વિસ્તાર "ચાડવા રખાલ"ને ગુજરાત સરકારને હસ્તાંતરિત કર્યો હતો. ૫ હજાર હેક્ટર વિસ્તારને સરકારને હસ્તાંતરિત કરતા રાજકોટના રાજવી માંધાતાસિંહે જણાવ્યું હતું કે, કચ્છના મહારાજા પ્રાગમલજી બીજાએ જીવસૃષ્ટિ પ્રત્યે સંવેદના દાખવીને વન સંપદાઓ તેમજ પશુ પક્ષીઓ ધરાવતા વિસ્તારને સંરક્ષિત કર્યો હતો.

શ્રી પટેલે માંડવી પાસે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માની સ્મૃતિમાં બનાવવામાં આવેલા ક્રાંતિતીર્થના નવીનીકરણનું લોકાર્પણ કર્યું હતું. માંડવીમાં આયોજિત એક કાર્યક્રમમાં ઈતિહાસકાર પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા લિખિત શ્યામજી કૃષ્ણવર્માના સંસ્મરણો સાથે જોડાયેલા 'ધ ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ ઈન લંડન' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.  આ અગાઉ મુખ્યમંત્રીએ માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શન કરી વિશ્વ શાંતિ અને જન સુખાકારીની કામના કરી હતી.

.................

## Helmet Law Court

હેલમેટના કાયદાનું ચુસ્તપણે અમલ ન થતો હોવાથી ગુજરાત વડી અદાલતે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટની ખંડપીઠે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, હેલમેટનાં કાયદા અંગે સરકાર અને પોલિસે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવી જોઇએ. કોર્ટે અમદાવાદમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે હેલ્મેટનાં કાયદાનો અમલ કરાવવા પણ તાકીદ કરી છે. મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની બેન્ચે જણાવ્યું હતું કે, તેઓ હાઇકોર્ટનાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત બનાવવા વિચારી રહ્યા છે.

.................

## Navratri third day

આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે મા અંબાના ચંદ્ર ઘંટા સ્વરૂપનું પૂજન થાય છે. મા ચંદ્ર ઘંટાને દશ ભૂજાઓ અને મસ્તક પર અર્ધચંદ્ર છે તેમનું વાહન સિંહ છે. તેમની આરાધનાથી વિપતિઓનો નાશ થાય છે.

સમગ્ર રાજ્યમાં નવરાત્રિની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. ગઈ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'IAS વાઇવ્સ વેલફેર એસોસિએશન' દ્વારા ગાંધીનગર ના સેક્ટર-૧૯માં આયોજિત નવરાત્રી રાસ ગરબા મહોત્સવમાં માતાજીની આરતીમાં ભાગ લીધો હતો.

દાહોદના રામાનંદ પાર્કમાં ધામધૂમથી નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ની શરૂઆત થઈ હતી. મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી જગદીશદાસજી મહારાજ તથા દાહોદના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર ઉપસ્થિત રહ્યા હતા.

.................

## Abhayam 181

નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓ સાથે અનિચ્છનીય ઘટના ન બને અને તેઓ સુરક્ષિત રીતે ગરબામાં ભાગ લઈ શકે તે માટે શહેર પોલીસની અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમ ફરજ બજાવી રહી છે. મહિલાઓ છેડતી કે કોઈપણ જાતનું જોખમ અનુભવે ત્યારે ૧૮૧ નંબર પર કોલ કરીને મદદ લઈ શકે છે. અભયમ્ ટીમની સેવા ચોવીસ કલાક ચાલુ હોય છે.

નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને આ ટીમ ગરબા સ્થળે, આજુબાજુના વિસ્તારમાં ફરજની સાથે પેટ્રોલિંગ પણ કરી રહી છે, જેથી કોઈ અઘટિત બનાવ બને નહીં.

મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ગૃહ વિભાગે ખાસ કરી મહિલાઓને ગરબામાં પરિચિત ગ્રૂપ સાથે રહેવા, કોઈ અજાણી વ્યક્તિ સાથે નાસ્તો કે પીણું ન પીવા અને વધુ વ્યક્તિની અવરજવર હોય તેવા રસ્તેથી જવા સૂચના આપી છે. અભયમ્

સેવાઓ ઝડપથી મેળવવા માટે પ્લે સ્ટોરમાંથી અભયમ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકાશે.

.................

## Metro train

નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રો રેલ રાત્રે બે વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને એક યાદીમાં જણાવ્યું છે કે, 11 ઓક્ટોબર સુધી મેટ્રો સેવા રાત્રે 10 વાગ્યા પછી પણ પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ કોરિડોરમાં દરેક સ્ટેશનેથી 20 મિનિટના અંતરે ઉપલબ્ધ રહેશે. થલતેજ, વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમ તથા એપીએમસીથી છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય મધ્યરાત્રિનાં બે વાગ્યા સુધી રહેશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## RAJKOT SPORTS GROUND

રાજકોટમાં તાલુકા સ્તરે ખેલાડીઓ પ્રોત્સાહન આપવા માટે પાંચ તાલુકામાં 2.46 કરોડ રૂપિયાના ખર્ચે રમત-ગમતના મેદાનો તૈયાર કરવાના કામને મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું કે આ યોજના અંતર્ગત લોધિકા, ઉપલેટા, જામ કંડોરણા, તેમજ કોટડામાં આગામી ત્રણેક મહિનામાં મેદાન તૈયાર કરાશે.

BYTE - પ્રભવ જોષી, રાજકોટ જિલ્લા કલેક્ટર

.................

## Vadhhvan Teacher Malaysia Competition

સુરેન્દ્રનગરના વઢવાણની સરસ્વતી કન્યા વિદ્યાલયમાં પીટીનાં  શિક્ષિકા લાછુબેન પરમારની મલેશિયા ખાતે યોજાનાર એથ્લેટીક સ્પર્ધા માટે પસંદગી થઈ છે. લાછુંબેન અગાઉ પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતોમાં ભાગ લઈ ઇનામો મેળવી ચુક્યા છે.

તેઓ મલેશિયામાં ભાલા ફેંક, હેમર થ્રો અને ચક્ર ફેંકની સ્પર્ધામાં ભાગ લેશે.

લાંછુબેન શાળાની વિધાર્થિનીઓને વિવિધ રમતો રમાડીને જિલ્લા તેમજ રાજ્ય સ્તરે રમી ને આગળ આવે તે માટે  માર્ગદર્શન આપે છે.તેઓ પોતે ખેલ મહાકુંભમાં રમીને આગળ આવ્યા છે. તેમણે વિવિધ રમતોમાં સુવર્ણચંદ્રક પણ મેળવ્યા છે.

.................

## Swachhta hi seva

દેશભરમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત રાજ્યના છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકામાં 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'ની થીમ સાથે જાગૃતતા ફેલાવવામાં આવી હતી.

અમારા છોટાઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, આ થીમ મુજબ વાંકી ગામની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાળાની સફાઈ હાથ ધરવામાં આવી હતી.

અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સંજીવ ચૌધરીના જણાવ્યા અનુસાર થરાદના આસોદર ખાતે સંપૂર્ણતા અભિયાન સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ વિભાગ દ્વારા 6 ઇન્ડિકેટરની સફળતાની ઝાંખી રજૂ કરાઈ હતી. અને શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

.................

## Ahmedabad Road

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત રસ્તાઓની મરામત કામગીરી માટે દિશાનિર્દેશ જાહેર કરાયા હતા.

નવ જેટલા તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરાઈ હતી.

અમદાવાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્ય અને મુખ્ય જિલ્લાના માર્ગો મળીને કુલ 102થી વધુ કિલોમીટર જેટલી લંબાઈ ધરાવતાં માર્ગો પર મેટલપેચથી મરામત કરવામાં આવી હતી. જ્યારે 94થી વધુ કિલોમીટરની લંબાઈ ધરાવતાં માર્ગોમાં ડામર પેચથી મરામત  કરવામાં આવી હતી.

.................

## Project School

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પોજેક્ટ સ્કૂલમાં પ્રવેશ માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને ધોરણ આઠ પછીના વધુ અભ્યાસ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટેની જાહેરાત કરવામાં આવી છે.

આગામી 22મી માર્ચે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને 29મી માર્ચે સ્કોલર શીપ પરીક્ષા લેવામાં આવશે.

એન્ટ્રન્સ ટેસ્ટમાં કુલ 120 ગુણના પ્રશ્નો પૂછવામાં આવે છે. જેના માટે વિદ્યાર્થીઓને 150 મિનિટનો સમય આપવામાં આવે છે. આ પરિક્ષાના આધારે 30 હજાર જેટલા વિદ્યાર્થીઓના મેરિટમાં સમાવેશ કરી લાભ આપવામાં આવે છે.

.................

# KHARIF PAAK TEKAANA BHAAV

રાજ્ય સરકાર દ્વારા ખેડુતોને આર્થિક રક્ષણ મળી રહે અને ઉપજોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખરીફ ઋતુમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનાં પાક માટે ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગફળી માટે ૬ હજાર ૭૮૩ રૂપિયા, મગ માટે ૮ હજાર ૬૮૨ રૂપિયા, અડદ માટે ૭ હજાર ૪૦૦ રૂપિયા તથા સોયાબિન માટે ૪ હજાર ૮૯૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કર્યા છે.

જેના માટે ખેડુતોએ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે તેમજ ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે ઓનલાઇન નોંધણી ૩૧ ઓકટોબર સુધી કરાવવાની રહેશે. ત્યારબાદ ૧૧ નવેમ્બરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે, તેમ ખેતીવાડી શાખાની એક યાદીમાં જણાવાયું છે.

.................